વંચાણમાં:-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:મકમ/૧૦/૨૦૧૪/૩૩૨૫૩૭/છ તા.૧૯/૦૮/૨૦૧૪

(૨) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, વડોદરાના પત્ર.નં. જા.નં.સસુઅવ/અહેવાલ/૨૦૧૮-૧૯/૨૦૬૦ તા.૨૬/૦૭/૨૦૧૮

---

નં.સસુખા/CPD/૨૦૧૮-૧૯/ ૨૪૭૯

તા:- ૬/૦૮/૨૦૧૮

# આદેશ

ઉપરોક્ત વંચાણ-૧થી નારી કેન્દ્રો મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તક મુકવામાં આવેલ છે. ઝોનલ ઓબ્ઝર્વેશન હોમ ફોર ગર્લ્સ કમ પ્લેસ ઓફ સેફ્ટી, વડોદરા નારી સંરક્ષણગૃહ, વડોદરાના મકાનમાં કાર્યરત્ત છે. ઝોનલ ઓબ્ઝર્વેશન હોમ ફોર ગર્લ્સ કમ પ્લેસ ઓફ સેફ્ટીમાં કાયદા સાથેની સંઘર્ષમાં આવેલ બાળાઓ આખા રાજ્યમાંથી અત્રે મોકલી આપવામાં આવે છે તેમજ નારી કેન્દ્રમાં મોટી ઉંમરની બહેનો અને કાયદા સાથે સંઘર્ષમાં આવેલ બાળાઓને સાથે રાખવી ઉચિત ન હોય વંચાણ-૨ના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, વડોદરાના અહેવાલના આધારે નારી કેન્દ્ર વડોદરાના મકાનમાંથી ઝોનલ ઓબ્ઝર્વેશન હોમ ફોર ગર્લ્સ કમ પ્લેસ ઓફ સેફ્ટીને ખાતા હસ્તકના ખાલી પડેલ મકાન જુવેનાઇલ હોમ ફોર બોય્ઝ, શાસ્ત્રીબ્રીજ પાસે, એલમ્બીક રોડ, વડોદરા ખાતે નીચેની શરતોએ ખસેડવાની મંજુરી આપવામાં આવે છે.

(૧) સંસ્થાની બાળાઓને હાલના મકાનમાંથી સરકારી મકાન જુવેનાઇલ હોમ ફોર બોય્ઝ, શાસ્ત્રીબ્રીજ પાસે, એલમ્બીક રોડ, વડોદરાના મકાનમાં ખસેડવાના સમયે તેઓની સુરક્ષાની સંપુર્ણ જવાબદારી સંસ્થાની રહેશે.

(૨) સંસ્થાની બાળાઓને સરકારી મકાન જુવેનાઇલ હોમ ફોર બોય્ઝ, શાસ્ત્રીબ્રીજ પાસે, એલમ્બીક રોડ, વડોદરાના મકાનમાં તબદીલ કરતા પહેલા પ્રમુખશ્રી, જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ, વડોદરાની મંજુરી લેવાની રહેશે.

(૩) સંસ્થાની બાળઓ માટે જરૂરી ડેડ સ્ટોક અને બાળકોને લગતા તમામ રેકર્ડ અને કેસ ફાઇલ તકેદારીપુર્વક નવા સ્થળે લઇ જવાના રહેશે.

(૪) સરકારી મકાન જુવેનાઇલ હોમ ફોર બોય્ઝ, શાસ્ત્રીબ્રીજ પાસે, એલમ્બીક રોડ, વડોદરાના મકાનમાં બાળાઓનું શ્રેષ્ઠ હિત જળવાય તે પ્રકારની તમામ ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે જોવાની જવાબદારી સંસ્થાની રહેશે.

(૫) ઝોનલ ઓબ્ઝર્વેશન હોમ ફોર ગર્લ્સ કમ પ્લેસ ઓફ સેફ્ટી, વડોદરાના નવા સ્થળ ફેરફારના પુરા સરનામાની જાણ સબંધિત સત્તા મંડળોને કરવાની રહેશે.

(૬) ઝોનલ ઓબ્ઝર્વેશન હોમ ફોર ગર્લ્સ કમ પ્લેસ ઓફ સેફ્ટી, વડોદરાના નવા સ્થળ ફેરફારના પુરા સરનામાની વિગતો સબંધિત પોર્ટલ પર અપડેટ કરવાની રહેશે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ,
અધિક્ષકશ્રી,
ઝોનલ ઓબ્ઝર્વેશન હોમ ફોર ગર્લ્સ
કમ પ્લેસ ઓફ સેફ્ટી, વડોદરા.

નકલ સવિનય રવાના:-

(૧) માન.અગ્રસચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગને જાણ સારૂ.
(૨) માન.કલેકટરશ્રી વ ચેરમેનશ્રી, જિલ્લા બાળ સુરક્ષા એકમ, વડોદરાને જાણ સારૂ.
(૩) અધિક કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરને જાણ સારૂ.
(૪) પ્રમુખશ્રી, જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ, વડોદરાને જાણ સારૂ.
(૫) પ્રમુખશ્રી, જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ, સર્વેને જાણ સારૂ.

નકલ રવાના:-

(૧) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, વડોદરાને જાણ અને આનુષાંગિક કાર્યવાહી સારૂ.
(૨) જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, વડોદરાને જાણ અને આનુષાંગિક કાર્યવાહી સારૂ.
(૩) કાર્યપાલક ઇજનેરશ્રી, વડોદરાને જાણ સારૂ.
(૪) પોગ્રામ મેનેજરશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી, ગાંધીનગર ને જાણ અને આનુષાંગિક કાર્યવાહી સારૂ.
(૫) હિસાબી અધિકારીશ્રી, સમાજ સુરક્ષા ખાતું,ગાંધીનગરને જાણ અને આનુષાંગિક કાર્યવાહી સારૂ.
(૬) નાયબ નિયામકશ્રી, બાંધકામ શાખાને જાણ અને આનુષાંગિક કાર્યવાહી સારૂ.
(૭) સુપ્રિટેન્ડેન્ટશ્રી, નારી સંરક્ષણગૃહ, વડોદરાને જાણ સારૂ.
(૮) દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારીશ્રી, વડોદરાને જાણ સારૂ.
(૯) આદેશ ફાઇલ.